GJAN100000362018

Registration No	: REFER-T-LC/8/2018
Filing No.	: REFER-T-LC/8/2018
Filed On	: 23/04/2018
Registered On	: 23/04/2018
Decided on	: 08/08/2026
Duration	: dd-16/mm-03/yy-08

IN THE LABOUR COURT AT ANAND, Presided Over by M.D.PARMAR

<u>REFER T-LC/8/2018</u>

<u>REFER-T-LC/8/2018</u> Exh.34

<u>Second Party :</u>

1. KANTIBHAI JINABHAI PADHIYAR
C/O.GUJARAT RAJYA SAHAKARI MANDLI KARMACHARI SANGH, MAJUR SEVALAY, STATION ROAD, At.Ta. PETLAD, Di. ANAND

VERSUS

<u>First Party :</u>

1. CHAIRMAN SHRI, RAS DOODH UTPADAK SAHAKARI MANDLI LTD.
At.Po. RAS, Ta. BORSAD

Appearance:
D. H. SHAH Union Representative For the Second Party
A. S. SHAH Ld. Advocate For the First Party

વિષયઃ ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૧૦(૧)સી અન્વયે ન્યાયિક નિર્ણય લેવા બાબત.

–: <u>એ વો ર્ડ</u> :–

(૧) બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ ઔધોગિક તકરાર ઉપસ્થિત કરતાં તેમાં સમાધાન નિષ્ફળ જતાં મદદનીશ શ્રમ આયુકત, આણંદનાએ તેઓના હુકમ ક્રમાંક : કે.એચ.આર./૨૦૦૧/ આઈ.ડી.આર./૧૦(૧)૦૫/૨૦૧૮ તા. ૧૪/૦૩/૨૦૧૮માં જણાવ્યા મુજબની અનુસુચિ પ્રમાણે ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ–૧૦(૧)(સી) મુજબ અત્રેની અદાલતને રેફરન્સ કરેલ છે.

અનુસુચિ:– શ્રી કાન્તીભાઈ જીણાભાઈ પઢિયારને પડેલા દિવસોના

પગાર સહિત અસલ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અંગે કરવા કે કેમ?

(૨) બીજા પક્ષકાર તરફે આંક : ૭થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર મંડળીમાં દુધ ભરનાર તરીકે તા. ૦૯/૦૮/૧૯૯૩થી છેલ્લે માસિક રૂા. ૫૪૭૫/–ના પગારથી ફરજ બજાવતા હતા અને કાયમી કર્મચારી હતા, સંસ્થામાં કુલ ચાર કર્મચારીઓ ફરજ બજાવતા હતા. વધુમાં, પ્રથમ પક્ષકાર સંસ્થા સહકારી કાયદા મુજબ નોંધાયેલ છે અને તેને મજુર કાયદાઓની જોગવાઈઓ લાગુ પડે છે. સહાકારી કાયદા મુજબ સંસ્થાએ વહીવટ માટે પેટા નિયમો અપનાવવા પડે છે અને રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ તેને માન્યતા આપે તે મુજબ સંચાલન કરવાનું હોય છે અને આ પેટા નિયમો મુજબ મંડળીની વ્યવસ્થાપક કમિટી સંસ્થાનો વહીવટ કરતી હોય છે. મંડળીનું રોજબરોજનું કામકાજ કરવા માટે કર્મચારીઓની નિમણુંક વ્યવસ્થાપક કમિટી કરે અને એ રીતે મંડળી અને કર્મચારી વચ્ચે મજુર–માલિકના સબંધો સ્થાપિત થાય છે. વધુમાં, મંડળીના કર્મચારીઓ પેટલાદ યુનિયનમાં વર્ષોથી જોડાયેલ છે અને તેઓને અમુલ સંઘ તથા યુનિયન સાથે વખતોવખત દર ત્રણ વર્ષે પગાર તથા મોંઘવારી, રજાઓ, મેડીકલ એલાઉન્સ, પ્રોવિડન્ડ ફંડ, ગ્રેજ્યુઈટી જેવા અન્ય લાભોના સમાધાન કરાર થાય છે તે મુજબના લાભો આપવામાં આવે છે. વધુમાં, બીજા પક્ષકાર સામે પ્રથમ પક્ષકારે દુધના ફેટ બાબતે આક્ષેપ કરેલ છે જે વ્યાજબી અને કાયદેસર નથી કારણ કે જો આમ થયું હોય તો પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આ બાબતે નોટીસ આપવી જોઈએ અને તેમાં રજુઆત યોગ્ય ન જણાય તો કાયદેસરની તટસ્થ વ્યક્તિ મારફતે ખાતાકીય તપાસ કરવી જોઈએ જે પૈકી કોઈ કાયદેસરતાને પ્રથમ પક્ષકારે અનુસરેલ નથી. બીજા પક્ષકાર આર્થિક રીતે નબળા હોઈ બેકાર બનાવવા ફકત મૌખિક જણાવેલ કે, "તમારે પગાર જોઈતો હોય તો

સ્ટેમ્પ ઉપર લખાણ આપો" આથી બીજા પક્ષકારે તેમના નામનો સ્ટેમ્પ લઈ સ્ટેમ્પમાં પગારસ્લીપ માટે સ્ટેમ્પ ખરીદેલ હોવાનું જણાવેલ છે જેમાં કોરા સ્ટેમ્પમાં પાછળની બાજુ સેક્રેટરીએ તા. ૨૫/૦૭/૨૦૧૬ના રોજ સહી લઈ લીધેલ જેમાં લખેલ લખાણ સાથે બીજા પક્ષકાર સંમત નથી. ત્યારબાદ વ્યવસ્થાપક કમિટીએ તા. ૧૭/૧૨/૨૦૧૬ના રોજ ઠરાવ નં. ૯ કરી તેમાં બીજા પક્ષકાર પાસેથી રૂા. ૫૦૦૦/– દંડ વસુલ લેવા તેમજ બીજા પક્ષકારને છેલ્લી તક આપેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ હોવા છતાં તા. ૧૧/૧૧/૨૦૧૭ના રોજના ઠરાવ નં. ૫ થી ફરજીયાત છુટા કરેલ છે જેથી આ અંગે બીજા પક્ષકારને એકવાર સજા મળી હોઈ, એક ગુનાની બે સજા મળી શકે નહીં. બીજા પક્ષકાર જે મહોલ્લામાં રહે છે તે જ મહોલ્લામાં મંડળીના સેક્રેટરી પણ રહે છે અને થોડા સમય પહેલાં અન્ય કંઈક કારણોસર ઝઘડો થયેલ જેથી સેક્રેટરી બીજા પક્ષકાર ઉપર અંગત દ્વેષપૂર્વક વર્તન કરતા હતા. વધુમાં, તા. ૦૭/૧૧/૨૦૧૭ના રોજ અમૂલ સંઘવાળા મંડળીમાં રૂબરૂ આવેલ અને દુધના સેમ્પલ લેવાનું શરૂ કરેલ તે સમયે બીજા પક્ષકાર અને તેમના કાકાનું દુધ લઈને કાકાનો છોકરો આવેલ તે સમયે દુધના સેમ્પલ લેવાને બદલે દુધ ઢોળી દીધેલ અને બીજા પક્ષકારનું દુધ લીધેલ નથી. આ સમયે ઉશ્કેરાટ ઉભો કરવા ચેરમેન અને તેમના ભાઈ બીભત્સ ગાળો બોલતા હતા અને તેમના સેમ્પલ ન લેવા બુમો પાડતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા. ૧૧/૧૧/૨૦૧૭ ના રોજના ઠરાવ નં. ૯માં દુધ નુકશાની પેટે રૂા. ૫૦૦૦/–જમા કરાવવા ઠરાવેલ અને રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર માફીનામુ લખેલ હોવાનું અને છેલ્લી તક આપવાનો ઠરાવ કરેલ હોઈ, બીજા પક્ષકારે તે દિવસે થયેલ બધા ઠરાવોની નકલની માંગણી કરતાં ઈરાદાપૂર્વક ઠરાવની નકલ આપેલ નથી. પ્રથમ પક્ષકારે ઠરાવ કરી રૂા. ૫૦૦૦/– જમા લીધેલ પરંતુ તક આપવાને બદલે તા. ૧૧/૧૧/૨૦૧૭ના રોજ મિટીંગમાં ઠરાવ નં. ૫

થી છુટા કરવાનો ઠરાવ કરી બેકાર બનાવી ભોગ લીધેલ છે. બીજા પક્ષકારને છુટા કર્યા ત્યારે કોઈ જાતનું વળતર કે કાયદેસરના હક્કો ચુકવી આપેલ નથી જેથી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને છુટા કરવાનું પગલું ગેરવ્યાજબી અને ગેરકાયદેસરનું હોઈ પાછુ ખેંચી લેવા તેમજ બીજા પક્ષકારને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત પુનઃસ્થાપિત કરવા અને ઈન્ક્રીમેન્ટ અને કાયદેસરના તમામ હક્કો સહિત સળંગ નોકરીમાં રાખી લેવાનો હુકમ કરવા તથા ખર્ચની રકમ વસુલ અપાવવા પેરા–૧૦માં જણાવ્યા પ્રમાણે દાદ માંગેલ છે.

(૩) પ્રથમ પક્ષકારને નોટીસ ઈસ્યુ કરતાં તેની બજવણી થતાં પ્રથમ પક્ષકાર તરફે આંક : ૧૪થી લેખિત જવાબ રજુ કરી, પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર દુધ મંડળી એ ગુજરાત કો-ઓપરેટીવ એકટ મુજબ આણંદ જીલ્લાના બોરસદ તાલુકામાં આવેલ શેરહોલ્ડરના શેરફાળાથી ચાલતી, સહકારી કાયદા નીચે રજીસ્ટર્ડ થયેલ સહકારી મંડળી છે જે અત્યંત પછાત, નાનકડા ગામમાં આવેલ છે જે ઔદ્યોગિક વિવાદધારાની કલમ–૨(જે) મુજબ ઉદ્યોગ નથી જેથી રેફરન્સ રદ થવા પાત્ર છે. વધુમાં, બીજા પક્ષકારના માંગણા નિવેદનની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર મંડળીમાં નોકરી કરતા હતા. બીજા પક્ષકાર ગેરવર્તન કરવાના આદતી હતા અને બીજા પક્ષકારે ગેરવર્તાવ અંગે તા. ૧૫/૦૭/૨૦૧૦ના બનાવ અંગે તે જ દિવસે માફી માંગી હવેથી આ પ્રમાણે ગુનો નહીં કરવાની ખાત્રી આપેલ. બીજા પક્ષકાર અને અન્ય કર્મચારીઓના ગેરવર્તાવને કારણે મંડળીને વેપારી નફામાં ખોટ જતાં બીજા પક્ષકાર પાસેથી તા. ૧૬/૭/૨૦૧૦ના રોજ ઠરાવ કરી રૂા. ૭૦,૦૦૦/–વસુલ કરવામાં આવેલ અને અન્ય કર્મચારીઓ સાથે મળી કુલ રૂા. ૬૫,૦૦૦/–વસુલવામાં આવેલ. તા. ૨૫/૦૯/૨૦૧૪ના રોજ દુધના સેમ્પલોની અમુલના અધિકારીઓએ લેબોરેટરીએ ચકાસણી કરેલ જેમાં આઠ સભાસદોના દુધના સેમ્પલમાં

PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.

S.W.A.-પાણી ઉમેરેલ હોવાની શંકા જણાયેલ દુધ ભરનાર તરીકે બીજા પક્ષકાર હોઈ બેદરકારી બદલ તેમની પાસેથી રૂા. ૨૫૦૦/- વસુલવામાં આવેલ. જે સભાસદોના ફેટ ઓછા હતા તેમની પાસેથી પણ નુકસાની વસુલવામાં આવેલ. ત્યારબાદ પણ પ્રથમ પક્ષકાર મંડળીને આર્થિક નુકસાન થતું હતું. બીજા પક્ષકાર ટેસ્ટર તરીકે ફરજ બજાવતા, ટેસ્ટમાં ગેરરિતીને કારણે મંડળીને આર્થિક નુકસાન થતું હતું. બીજા પક્ષકારના ઘરના દુધનો સભાસદ નં. ૧૨૮૫ છે. બીજા પક્ષકારે પોતાના ઘરના ઓછા SNF વાળા દુધમાં ફેરફાર કરી ફેટ વધારીને મંડળીને આર્થિક નુકસાન પહોંચાડેલ આ અંગે તા. ૨૫/૦૬/૨૦૧૬ના રોજ ઠરાવ નં. ૯ કરી રૂા. ૫૦૦૦/- વસુલ કરવામાં આવેલ બીજા પક્ષકારે તા. ૨૫/૦૭/૨૦૧૬ના રોજ સ્ટેમ્પ પેપર ઉપર લખાણ આપી કબુલાત કરેલી. બીજા પક્ષકારને તા. ૨૫/૦૬/૨૦૧૬ના રોજ ઠરાવ કરી સુધરવાની છેલ્લી તક પણ આપવામાં આવેલ. બીજા પક્ષકારને તકો આપવા છતાં ગેરવર્તાવોમાં કોઈ ફેર પડેલ નહીં તા. ૦૭/૧૧/૨૦૧૭ના રોજ સાંજની ટંકે અમુલમાંથી દુધના સેમ્પલની ચકાસણી કરવા વાન આવેલ તે સમયે ચેરમેનશ્રી તથા વ્ય. કમિટીના સભ્યો હાજર હતા. બીજા પક્ષકારના ઘરેથી દુધ ભરવા ચીમનભાઈ ગ્રાહકોની લાઈનમાં ઉભા હતા. તેઓને ચકાસણી અર્થે વાન આવેલ છે તેમ માલુમ પડતાં તેઓ દુધની બરણી લઈ લાઈનમાંથી નીકળી જતાં, મંડળીના ચેરમેનશ્રીએ ચીમનભાઈને રોકેલા અને દુધની ચકાસણી કરવા જણાવેલ આથી તેઓ અને તેમના ઘરના સભ્યોએ ચેરમેનશ્રી સામે અસભ્ય વર્તન કરી બિભત્સ ગાળો ભાંડેલી અને દુધની બરણીમાંથી દુધના સેમ્પલની ચકાસણી ન થાય તે માટે દુધ ઢોળી નાંખેલું. બીજા પક્ષકારે પણ ચેરમેનશ્રી સાથે ચાલુ ફરજે અસભ્ય વર્તન કરી બીભત્સ ગાળો બોલી મંડળીની પ્રગતિને હાનિ થાય તેવું કૃત્ય કરેલ. આમ, બીજા પક્ષકારને ૨૦૧૦ના બનાવથી સુધરવાની તક સને ૨૦૧૪, ૨૦૧૬માં આપેલ. છેલ્લી તક

૨૦૧૬માં આપવા છતાં તેઓના ગેરવર્તાવો ચાલુ રહેલા દુધમાં ભેળસેળ, પાણી ફેંકવું તે પ્રવૃત્તિ ટેસ્ટરની મદદગારી વગર સંભવ નથી. ભેળસેળવાળા દુધના કારણે મંડળીને આર્થિક નુકસાન થાય અને મંડળીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચે. અમુલ મંડળીનું દુધ લેવાનું બંધ કરી દે તો મંડળીને બંધ કરવાની ફરજ પડી શકે. દુધમાં ભેળસેળ, પાણી ઉમેરવાની વૃત્તિથી પૈસા પડાવવાની ઈચ્છા શક્તિવાળાને કોઈ રીતે પ્રોત્સાહન આપવું ન જોઈએ. બીજા પક્ષકારે ગેરવર્તાવો કરી પ્રથમ પક્ષકાર મંડળીનો વિશ્વાસ ગુમાવેલ છે. વધુમાં, અત્રેની અદાલત એવા નિર્ણય ઉપર આવે કે, બીજા પક્ષકારને કાયદેસર તક આપ્યા વગર છુટા કરેલ છે તો તેવા તબક્કે જવાબમાં જણાવેલ આરોપો અત્રેની અદાલત સમક્ષ પુરવાર કરવા ખુશી હોઈ તક આપવા જણાવેલ છે. ઉપરોકત હકીકતે બીજા પક્ષકાર માંગણા નિવેદનના પેરા-૯માં જણાવેલ કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર ન હોઈ સદર રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) બીજા પક્ષકારના પુરાવાના સ્ટેજે તા. ૦૨/૧૧/૨૦૨૧ના રોજ મારા વિ. પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ હાલના બીજા પક્ષકારની ગેરહાજરી સબબ કેસ કાઢી નાંખવાનો હુકમ કરેલ જે હુકમ સામે બીજા પક્ષકારે અત્રેની અદાલતમાં પરચુરણ અરજી નં. ૧૬/૨૦૨૩ દાખલ કરેલ, જે પરચુરણ અરજી ચાલી જતાં અત્રેની અદાલત દ્વારા તા. ૨૦/૦૧/૨૦૨૪ના રોજ આંક : ૧૧ લગત હુકમ કરી મૂળ રેફરન્સ નં. ૮/૨૦૧૮ ફરી ફાઈલે લેવાનો હુકમ કરેલ, જે અનુસંધાને અત્રેની અદાલત તરફથી તા. ૨૨/૦૧/૨૦૨૪ના રોજ સદર રેફરન્સ રીસ્ટોર કરવામાં આવેલ છે.

(૫) સદર રેફરન્સ રીસ્ટોર થયા બાદ અત્રેની અદાલત તરફથી બન્ને પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ, જે નોટીસ બજી જતાં બીજા પક્ષકાર તરફે હાલના રેફરન્સની હકીકતો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો</u> :- આંક : ૨૭થી બીજા પક્ષકારશ્રી કાન્તીભાઈ ઝીણાભાઈ પઢીયારનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે જે લગત પ્રથમ પક્ષકારના વિ. વકીલશ્રી એ.એસ.શાહ દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે.

<u>દસ્તાવેજી પુરાવો</u> :- રજુ કરેલ નથી.

(૬) પ્રથમ પક્ષકાર તરફે તેમના બચાવમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો</u> :- રજુ કરેલ નથી.

<u>દસ્તાવેજી પુરાવો</u> :-

(૧) નિ. ૨૦/૧થી ઠરાવબુકની નકલ.

(૨) નિ. ૨૦/૨થી સને ૨૦૧૬-૧૭ના વાર્ષિક અહેવાલની નકલ.

(૩) નિ. ૨૦/૩થી સને ૨૦૧૫-૧૬ના વાર્ષિક અહેવાલની નકલ.

(૪) નિ. ૨૦/૪થી સુપરવિઝન રીપોર્ટની નકલ.

(૫) નિ. ૨૦/૫થી છ માસિક હિસાબ તપાસણી નોંધની નકલ.

(૬) નિ. ૨૦/૬થી હિસાબ તપાસણી યાદીની નકલ.

(૭) નિ. ૨૧/૧થી બીજા પક્ષકારે સ્ટેમ્પ પેપર ઉપર આપેલ લખાણની નકલ તા. ૨૫/૦૭/૨૦૧૬.

(૮) નિ. ૨૧/૨થી ખેડા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘના પત્રની નકલ તા. ૧૯/૦૬/૨૦૧૫.

(૯) નિ. ૨૧/૩થી પ્રથમ પક્ષકારના કામગીરી વહેંચણીના ઠરાવની નકલ.

(૧૦) આંક : ૨૯થી બીજા પક્ષકારના માફીનામાની નકલ તા. ૧૫/૦૭/૨૦૧૦.

(૧૧) નિ. ૨૧/૫થી બીજા પક્ષકાર પાસેથી નુકસાનીના રૂા. ૭૦,૦૦૦/-વસુલાતના ઠરાવની નકલ તા. ૧૬/૦૭/૧૦.

(૧૨) નિ. ૨૧/૬થી બીજા પક્ષકાર પાસે નુકસાનીના રૂા. ૨૫૦૦/– વસુલાતના ઠરાવની નકલ તા. ૨૫/૦૯/૧૪.

(૧૩) નિ. ૨૧/૭થી બીજા પક્ષકાર પાસે નુકસાનીના રૂા. ૫૦૦૦/–વસુલાતના ઠરાવની નકલ તા. ૨૫/૦૬/૧૬.

ઉપરોક્ત પુરાવાઓ સિવાય બન્ને પક્ષકારો તરફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી. બીજા પક્ષકાર તરફે આંક : ૩૦થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે આંક : ૩૧થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) બીજા પક્ષકારના વિ. પ્રતિનિધીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તેમજ પ્રથમ પક્ષકારના વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે તેમની દલીલોના સમર્થનમાં આંક : ૩૩ના લીસ્ટથી નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

(1) 2023, L.L.R, 282, (Bombay High Court), Jalna District Central Co-Operative Bank Ltd. Vs. Manik s/o. Ambadas Toge.

(2) 2026, L.L.R, 264, (Delhi High Court), M/S. Amazon Distributors (P) Ltd. Vs. Ajay Tiwari.

(3) 2025, L.L.R, 1232, (Telangana High Court), The Management of Secunderabad Club Vs. K. Subrahmanyam & Ors.

(4) 2025, L.L.R, WEB, 405, (Madras High Court), M/S. Lotus Footwear Enterprises (P) Ltd. Vs. P. Vardan.

(5) L.P.A No. 908 of 2023, (Gujarat High Court), Bhikhabhai Fatabhai Solanki Vs. Executive Engineer, Narmada Project Canal System & Anr.

ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો આ રેફરન્સ કેસના નિર્ણય માટે ધ્યાને રાખેલ છે.

(૮) રેકર્ડ ઉપરની હકીકતો, રજુ પુરાવાઓ તથા પક્ષકારો તરફેની દલીલો ધ્યાને લેતાં હાલના રેફરન્સના ન્યાયિક નિર્ણય અર્થે નીચે પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે?

(૨) શું આ કામના બીજા પક્ષકાર તેઓની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત, સળંગ નોકરી સહિત પુનઃસ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હક્કદાર છે?

(૩) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ કારણો સહિત નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) અંશતઃહકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

-: <u>કા ર ણો</u> :-

(૧૦) **<u>મુદ્દા નં. ૧ અને ૨</u>** :- આ કામે મુદ્દા નં. ૧ અને ૨ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતૂટ રીતે સંકળાયેલ હોઈ બિનજરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બન્ને મુદ્દાઓની ચર્ચા સંયુક્ત રીતે કરવામાં આવે છે.

આ કામે બીજા પક્ષકાર કોઈપણ દાદ મેળવવા હક્કદાર છે તે સાબિત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

પ્રથમ પક્ષકારે પોતાના જવાબમાં પ્રથમ પક્ષકાર ઔદ્યોગિક સંસ્થા નથી તેવું કથન કરેલ છે. આ સંદર્ભે નામ. સુપ્રિમકોર્ટ સમક્ષનો **બેંગ્લોર વોટર સપ્લાય અને સેવરેજ બોર્ડ વિરૂધ્ધ એ. રાજપ્પાનો ચુકાદો કે જે એ.આઈ.આર, ૧૯૭૮, સુપ્રિમકોર્ટ, પાન નં. ૫૪૮** ઉપર

રીપોર્ટ થયેલ છે તે ચુકાદામાં કલમ-૨(જે)માં જે ઉદ્યોગની વ્યાખ્યા કરવામાં આવેલ છે તેનો વ્યાપ નીચે મુજબ સમજાવવામાં આવેલ છે.

(a) Where there is

(1) systematic activity,

(2) organized by cooperation between employer and employee (the direct and substantial element is chimerical);

(3) for the production and/or distribution of goods and services calculated to satisfy human wants and wishes (not spiritual or religious, but inclusive of material things or services geared to celestial bliss e.g. making, on a large scale prasad or food), prima facie there is an 'industry' in that enterprise.

(b) Absence of profit motive or gainful objective is irrelevant, be the venture in the public, joint, private or other sector.

(c) The true focus is functional and the decisive test is the nature of the activity with special emphasis on the employer-employee relations.

(d) If the Organization is a trade or business it does not cease to be one because of philanthropy animating the undertaking.

આમ, ઉપરોક્ત વ્યાખ્યાનો વ્યાપ જે નામ. સુપ્રિમકોર્ટ દ્વારા કરવામાં આવેલ છે તે ધ્યાને લેવામાં આવે તો પ્રથમ પક્ષકાર સંસ્થા દુધ મંડળી છે ત્યારે આ કામગીરી એક પ્રકારે સીસ્ટેમેટીક કામગીરી છે, જે કામગીરી સંસ્થા અને કામદારના સમન્વયથી થાય છે તેથી પ્રથમ પક્ષકારનો સમાવેશ ઉદ્યોગની વ્યાખ્યામાં થાય છે.

આ કામમાં પક્ષકારો તરફથી જે પક્ષ નિવેદન કરવામાં આવેલ

છે તે જોવામાં આવે તો, બીજા પક્ષકારના કથન મુજબ તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થા તા. ૦૯/૦૮/૧૯૯૩ થી દુધ ભરનાર તરીકે છેલ્લે માસિક રૂા. ૫૪૭૫/– લેખે પગાર ચુકવતા હતા. પ્રથમ પક્ષકાર તરફે આંક : ૯થી જવાબ રજુ કરેલ છે તેમાં આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર મંડળીમાં ટેસ્ટર તરીકે ફરજ બજાવતા હોવાનું કથન કરેલ છે ત્યારે હાલના કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં દુધ ભરનાર તરીકે કામગીરી કરતા હોવાની હકીકત પુરવાર થાય છે.

ત્યારબાદ આઈ.ડી.એક્ટની કલમ–૨૫(બી)(૧) મુજબ અતૂટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ? અથવા તો કલમ–૨૫(બી)(૨) મુજબ નોકરીમાંથી છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી કરેલ છે કે કેમ? તે હકીકત જોવાની રહે છે.

હાલના કેસમાં બીજા પક્ષકારના કથન મુજબ તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૦૯/૦૮/૧૯૯૩થી કામ કરતા હતા અને પ્રથમ પક્ષકારની વ્ય. કમિટીએ તા. ૧૧/૧૧/૨૦૧૭ના રોજ ફરજ પર હાજર થયા ત્યારે અટકાવી છુટા કરી દીધેલ હતા. પ્રથમ પક્ષકારના લેખિત જવાબનું કથન જોવામાં આવે તો બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર મંડળીમાં ટેસ્ટર તરીકે ફરજ બજાવતા હોવાનું જણાવે છે અને ટેસ્ટમાં ગેરરિતીને કારણે મંડળીને આર્થિક નુકસાન થતું હતું. આમ, બન્ને પક્ષોના કથન જોવામાં આવે તો બીજા પક્ષકારે તા. ૦૯/૦૮/૧૯૯૩ થી તા. ૧૧/૧૧/૨૦૧૭ સુધી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કલમ–૨૫(બી)(૧)ની જોગવાઈ મુજબ સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

હવે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે કે કેમ? તે હકીકત જોવાની રહે છે તે માટે આઈ.ડી.એક્ટની કલમ–૨૫(એફ)ની જોગવાઈઓ અત્રે નોંધવી જરૂરી છે.

૨૫(એફ) : – કામદારોની છટણીની પૂર્વ શરતો,

કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી.

(ક) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસના બદલે નોટીસની મુદત સુધીનુ વેતન આપવામાં ન આવે ત્યાં સુધી:

પરંતુ,

(ખ) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ ન હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(ગ) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી,

કરી શકશે નહીં"

ઉપરોક્ત જોગવાઈ મુજબ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છટણી કરેલ છે કેમ? તે હકીકતની ચર્ચા કરવાની રહે છે અને તે માટે છટણીની વ્યાખ્યા કલમ–૨(ઓઓ) માં કરેલ છે તે નોંધવી જરૂરી બને છે.

કલમ–૨(OO) "છટણી"

છટણી એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી,

(એ) કામદારની સ્વેચ્છાપૂર્વકની નિવૃત્તિ અથવા

(બી) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃત્તિ વયે પહોંચતાં કામદારની નિવૃત્તિ અથવા

(બીબી) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પૂરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત

હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ અથવા

(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ.

(૧૧) આ કામે ઉપરોક્ત હકીકતોને પુરવાર કરવા બીજા પક્ષકાર તરફે પોતાના માંગણા નિવેદનને સમર્થન આપી આંક : ૨૭થી સોગંદ ઉપર જુબાની આપેલ છે અને જણાવેલ છે કે, મંડળીમાં તા. ૦૯/૦૮/૧૯૯૩ના રોજથી દુધ ભરનાર તરીકે નિમણુંક થયેલી અને પ્રથમ પક્ષકારની વ્ય. કમિટી દ્વારા તા. ૧૧/૧૧/૨૦૧૭ના રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર, કોઈપણ જાતની નોટીસ કે તક આપ્યા સિવાય છુટા કરેલ છે. હવે, આ સાહેદની ઉલટ તપાસ જોઈએ તો તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, પ્રથમ પક્ષકાર મંડળી રાસ મુકામે આવેલી છે. રાસ ગામની કેટલી વસ્તી છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે ગામના સભાસદો આ મંડળીમાં દુધ ભરતા હતા. એ વાત ખરી છે કે, હું પણ મારા ઘરેથી મંડળીમાં દુધ ભરતો હતો. એ વાત ખરી છે કે, મારો દુધ ભરવાનો સભાસદ સભ્ય નં. ૧૨૮૫ છે. એ વાત ખરી છે કે, અમૂલના અધિકારીઓ દુધ મંડળીમાં વિઝીટ માટે આવતા હતા. એ વાત ખરી છે કે, અમૂલ ડેરી લેબના અધિકારીઓ ટેસ્ટીંગના સાધનો સાથે મંડળીમાં વિઝીટમાં આવતા હતા. એ વાત ખરી છે કે, લેબ દુધ મંડળીના દુધના સેમ્પલનો ટેસ્ટીંગ કરી તેનો રીપોર્ટ મંડળીને આપતા હતા. એ વાત ખરી છે કે, હું ગુજરાત રાજ્ય સહકારી કર્મચારી મંડળીનો વર્ષોથી સભ્ય છું. એ વાત ખરી છે કે, યુનિયન અને મંડળી વચ્ચે જે સમાધાન થાય તે મુજબનો પગાર મને આપવામાં આવતો હતો. સવાલ– નિ. ૨૧/૧ રૂ. ૨૦/–ના સ્ટેમ્પ ઉપર લખાણ લખવામાં આવેલ છે તેમાં તમારૂ લખાણ અને સહી છે ? જવાબ– લખાણ મારુ નથી, સહી મારી છે. એ વાત ખરી નથી કે, મંડળીએ કોરા કાગળ ઉપર મારી સહી લીધેલ હતી તે બાબતે મેં કોઈ અરજી મંડળીને આપેલ નહીં. એ વાત ખરી છે કે, આ બાબતે યુનિયને

મંડળીને કોઈ પત્ર લખેલ નહીં. મને નિ. ૨૧/૩ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છું કે, તે ઠરાવમાં મારા નામની સામે જે સહી કરેલ છે તે મારી સહી નથી. મને નિ. ૨૧/૪ બતાવવમાં આવે છે જે જોઈને કહુ છું કે, જે માફીપત્ર છે જેમાં મારી સહી છે જે રજુ દાખલ આંક : ૨૯. એ વાત ખરી છે કે, તા. ૧૬/૦૭/૨૦૧૦ના રોજ ઠરાવ કરીને મંડળીને જે નુકસાન ગયેલું તે નુકસાન રૂા. ૭૦,૦૦૦/- મંડળીએ મારી પાસેથી વસુલ લીધેલા હતા. એ વાત ખરી છે કે, મંડળીએ રૂા. ૭૦,૦૦૦/- ખોટી રીતે મારી પાસેથી વસુલ કરેલ છે તેવી કોઈ રજુઆત મેં કે મારા યુનિયને કરેલ નથી. એ વાત ખરી છે કે, ૭૦,૦૦૦/-રૂા. પરત લેવા બાબતે મેં કોઈ દાવો કરેલ નથી. એ વાત ખરી છે કે, તા. ૨૫/૦૯/૨૦૧૪ના રોજ અમૂલના અધિકારીઓએ દુધના સેમ્પલની તપાસ લેબમાં કરેલી. એ વાત ખરી છે કે, જેના રીપોર્ટમાં આઠ સભ્યોના દુધમાં પાણી હોવાનો રીપોર્ટ આવેલ હતો. સવાલ-દુધ ભરનાર તરીકે તમે હોઈ તમારી બેદરકારી ગણી તમારી પાસે મંડળીએ ૨૫૦૦/-(બે હજાર પાંચસો) રૂપિયા વસુલ કરેલા? જવાબ-મંડળીએ મારી પાસે રૂા. ૨૫,૦૦૦/-(પચીસ હજાર) વસુલ કરેલા. એ વાત ખરી છે કે, મારા સિવાય અન્ય સભ્યો પાસેથી મંડળીએ તેમની બેદરકારી બદલ પૈસા વસુલ કરેલા. એ વાત ખરી છે કે, આ રકમ પરત મેળવવા બાબતે મંડળી સામે અમે કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે, તા. ૨૫/૦૬/૨૦૧૬ના રોજ કેટલાક સભ્યોના દુધના ફેટમાં ફેરફાર માલુમ પડેલ હતો. એ વાત ખરી છે કે, તા. ૨૫/૦૬/૨૦૧૬ના રોજ જે સભ્યોના દુધના ફેટમાં ફેરફાર માલુમ પડેલ તે સભ્યો પાસેથી મંડળીએ રકમ વસુલ કરેલ હતી. એ વાત ખરી છે કે, તેમાં સભાસદ સભ્ય નં. ૧૨૮૫ પણ હતો. એ વાત ખરી છે કે, સભાસદ સભ્ય નં. ૧૨૮૫ એ મારો છે અને મારી પાસેથી મંડળીએ રૂા. ૫૦૦૦/- વસુલ લીધેલા. એ વાત ખરી છે કે, તા. ૦૭/૧૧/૨૦૧૭ના રોજ અમુલ ડેરીના દુધની

ચકાસણી કરવા માટે વાન આવેલ હતી. એ વાત ખરી છે કે, તે વખતે મંડળીના ચેરમેન અને સભ્યો હાજર હતા. એ વાત ખરી છે કે, તે વખતે મારા ઘરના દુધ ભરવા માટે ચીમનભાઈ લાઈનમાં ઉભેલા હતા. એ વાત ખરી નથી કે, અમૂલની વાન આવવાની ખબર પડતાં ચીમનભાઈ લાઈનમાંથી નીકળી ગયેલ હતા. એ વાત ખરી છે કે, ચેરમેને ચીમનભાઈને દુધની ચકાસણી કરવા માટે જણાવેલું. એ વાત ખરી નથી કે, ચીમનભાઈએ દુધ ઢોળી નાખેલું. સાહેદ જણાવે છે કે, ઝપાઝપીમાં તે દુધ ઢોળાઈ ગયેલ હતું. સાહેદ જણાવે છે કે, મારા દુધનું સેમ્પલ લેવામાં આવેલ હતું. એ વાત ખરી છે કે, ઝપાઝપી થઈ તે વખતે મારા ઘરના મારી પત્ની ચંપાબેન, ચીમનભાઈ, મારા છોકરા અને હું ત્યાં હાજર હતા. સવાલ– તે વખતે તમે અને તમારા ઘરના સભ્યોએ તે વખતના ચેરમેન સાથે ગાળાગાળી કરી બિભત્સ વર્તન કરેલ હતું? જવાબ– એ વાત ખરી છે. સાહેદ જણાવે છે કે, પહેલા ચેરમેને ગાળાગાળી કરેલી. એ વાત ખરી છે કે, ચેરમેને ગાળાગાળી કરેલી તે બાબતે મેં કોઈ ફરીયાદ કરેલી નહિ. એ વાત ખરી છે કે, મને મંડળીએ છુટા કર્યા બાદ અન્ય કોઈ જગ્યાએ નોકરી મેળવવા માટે મેં કોઈ પ્રયત્ન કરેલ નથી. મારે ખેતી નથી પરંતુ ભાગે ખેતી કરૂ છું. હું અપંગ છું. એ વાત ખરી છે કે, મંડળીમાં દુધ ભરુ છું. મારા ઘરના ભરણપોષણ માટે આશરે રૂા. ૧૦,૦૦૦/–ની જરૂર પડે છે. એ વાત ખરી છે કે, મારા ઘરનું ભરણપોષણ ભાગે ખેતી કરીને તેમજ મંડળીમાં દુધ ભરી કરુ છું તે મુજબની હકીકત જણાવેલ છે. પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકારની હકીકતોને પડકારતો કોઈ મૌખિક પુરાવો રજુ રાખેલ નથી પરંતુ આંક : ૨૧ના લીસ્ટથી જે દસ્તાવેજો રજુ રાખેલ છે તે જોતાં, નિ. ૨૧/૧થી બીજા પક્ષકારે રૂા. ૨૦/–ના સ્ટેમ્પ ઉપર જે લખાણ આપેલ છે તેની નકલ રજુ કરેલ છે પરંતુ બીજા પક્ષકારે તેમની ઉલટ તપાસમાં તેમાં લખાણ તેમણે લખેલ નથી પરંતુ સહી તેમની હોવાનું કબુલ રાખેલ છે. બીજા પક્ષકારને નિ. ૨૧/૩ વાળો

PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.

દસ્તાવેજ બતાવતાં બીજા પક્ષકાર તે ઠરાવમાં તેમના નામની સામે જે સહી કરેલ છે તે તેઓની નથી તેવું જણાવે છે.

(૧૨) આમ, આ કામે ઉપરોક્ત ચર્ચા તથા રજુ થયેલ દસ્તાવેજો જોતાં બીજા પક્ષકાર તા. ૦૯/૦૮/૧૯૯૩ના રોજથી નોકરીમાં દાખલ થયેલા અને ત્યારબાદથી તેઓએ સતત ફરજ બજાવેલ છે પરંતુ તા. ૦૭/૧૧/૨૦૧૭ના રોજ મંડળીમાં બનેલ બનાવ અંગેની ગંભીર નોંધ લઈ આ કામના બીજા પક્ષકારને વ્ય. કમિટીના ઠરાવ નં. ૫ થી તા. ૧૧/૧૧/૨૦૧૭ના રોજથી છુટા કરેલ છે અને પ્રથમ પક્ષકારે તેમના જવાબમાં એવો બચાવ લીધેલ છે કે, બીજા પક્ષકાર ગેરવર્તન કરવાના આદતી હતા અને તેઓને ગેરવર્તાવ અંગે ૨૦૧૦ના રોજ બનેલ બનાવથી સુધરવાની તક ૨૦૧૪, ૨૦૧૬માં આપેલ અને છેલ્લી તક ૨૦૧૬માં આપવા છતાં બીજા પક્ષકારે ગેરવર્તાવ ચાલુ રાખેલ જેથી મંડળીને આર્થિક નુકસાન થાય અને બીજા પક્ષકારે ગેરવર્તાવો કરી પ્રથમ પક્ષકાર મંડળીનો વિશ્વાસ ગુમાવેલ હોઈ જેથી તા. ૧૧/૧૧/૨૦૧૭ના રોજ ઠરાવ નં. ૫ થી છુટા કરેલ છે. આમ, પ્રથમ પક્ષકારના આંક : ૯ વાળા જવાબના પેરા-૧૩ની હકીકત જોતાં બીજા પક્ષકારને તા. ૧૧/૧૧/૨૦૧૭ના રોજના ઠરાવ નં. ૫ થી છુટા કરવામાં આવેલ તે અંગે કોઈ તકરાર નથી. એથી વિશેષ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારના માંગણા નિવેદનની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આ કામે જ્યારે બીજા પક્ષકાર આઈ.ડી.એક્ટની કલમ-૨૫(એફ)ની જોગવાઈનો લાભ મેળવવા હક્કદાર છે કે કેમ? તે નિર્ણિત કરવાનું છે ત્યારે તેઓના આંક : ૭ વાળા માંગણા નિવેદનમાં ઉલ્લેખ કરેલ ઠરાવોનો આ કામે પ્રથમ પક્ષકાર રજુ કરે તેવી કોઈ માંગણી કરેલ નથી. જ્યારે પ્રથમ પક્ષકાર એ સંસ્થા છે અને તેઓના બચાવ મુજબ બીજા પક્ષકારને સને ૨૦૧૦, ૨૦૧૪ અને ૨૦૧૬માં ગેરવર્તાવો, દુધમાં ભેળસેળ વિગેરે પ્રવૃત્તિ અંગે ઠપકો આપી સુધરવાની તક આપેલ તે મુજબનો બચાવ લીધેલ

છે પરંતુ રેકર્ડ જોતાં એ હકીકત પણ બિનતકરારી છે કે આ કામે બીજા પક્ષકારે તા. ૧૬/૦૭/૨૦૧૦ના ઠરાવ મુજબ મંડળીને જે નુકસાન થયેલું તે નુકસાન પેટે રૂા. ૭૦,૦૦૦/- ભરપાઈ કરેલ છે. તે જ પ્રમાણે તા. ૨૫/૦૬/૨૦૧૬ના રોજ બીજા પક્ષકારના દુધના ફેટમાં ફેરફાર હોય મંડળીએ તેઓની પાસેથી રૂા. ૫૦૦૦/- વસુલ લીધેલા. આમ બીજા પક્ષકારની આ પ્રકારની ગેરરિતીના કારણે પ્રથમ પક્ષકારને જે નુકસાન ગયેલ તે તેઓએ વસુલ કરેલ છે. વધુમાં, રજુ કરેલ પુરાવો જોતાં તા. ૦૭/૧૧/૨૦૧૭ના રોજ અમુલ ડેરીમાંથી દુધની ચકાસણી માટે વાન આવેલી તે હકીકત બિનતકરારી છે. આંક : ૭ વાળા માંગણા નિવેદનમાં જણાવ્યા મુજબ તે દિવસે બીજા પક્ષકારનું પોતાનું તથા તેઓના કાકાનું દુધ લઈ તેમનો છોકરો આવેલ તે સમયે દુદના સેમ્પલ લેવાના બદલે દુધ ઢોળી દીધેલ. જ્યારે બીજા પક્ષકારે ઉલટ તપાસમાં એ હકીકત જણાવેલ છે કે, ઝપાઝપીમાં દુધ ઢોળાઈ ગયેલું. તે જ પ્રમાણે સવાલ-તે વખતે તમે અને તમારા ઘરના સભ્યોએ તે વખતના ચેરમેન સાથે ગાળાગાળી કરી બિભત્સ વર્તન કરેલ હતું? તેના જવાબમાં જણાવેલ કે, એ વાત ખરી છે. પહેલાં ચેરમેને ગાળાગાળી કરેલી. આમ, ઉપરોક્ત પુરાવો જોતાં તા. ૦૭/૧૧/૨૦૧૭ના રોજ અમુલ ડેરીમાંથી જ્યારે દુધની ચકાસણી માટે આવેલ હતા ત્યારે બીજા પક્ષકારના સગા અને મંડળીના ચેરમેન વચ્ચે બોલાચાલી થયેલ હતી. પરંતુ આ તા. ૦૭/૧૧/૨૦૧૭ના રોજના બનાવના અનુસંધાને હાલના કામના બીજા પક્ષકારની વ્યક્તિગત જવાબદારી હોય અને તેના અનુસંધાને બીજા પક્ષકારને કોઈ લેખિત નોટીસ આપવામાં આવેલ હોય, તેઓનો ખુલાસો મેળવવામાં આવેલ હોય અને તપાસના અંતે તા. ૦૭/૧૧/૨૦૧૭ ના રોજના બનાવ સબંધે હાલના કામના બીજા પક્ષકાર સીધી રીતે જવાબદાર થતા હોય તેવો કોઈ પુરાવો આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ રજુ કરેલ નથી અને માત્ર તા. ૧૭/૧૧/૨૦૧૭ના રોજ

ઠરાવ કરીને તેઓને નોકરીમાંથી છુટા કરેલા છે. વધુમાં, આ કામે બીજા પક્ષકાર તરફે તેમના પ્રતિનિધીએ તેઓની દલીલના સમર્થનમાં 2023, L.L.R, 282, Jalna District Central Co-Operative Bank Ltd. Vs. Manik s/o. Ambadas Toge ના કેસનું જજમેન્ટ રીફર કરેલ છે અને મૌખિક રજુઆત કરેલ છે કે, જ્યારે પ્રથમ પક્ષકારે ખાતાકીય તપાસ કરેલ ન હોય ત્યારે અદાલત સમક્ષ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવા અંગેના સબળ પુરાવા રજુ કરવા પડે. સદર જજમેન્ટના પેરા નં. ૧૪ ધ્યાને લેતાં,

PARA-14 : In Delhi Cloth & General Mills Co. V. Ludh Budh Singh, (1972) 1 SCC, 595, the Apex Court has laid down the principles relating to adducing additional evidence before labour court/tribunal and its consideration:

"(1)" If no domestic enquiry had been held by the management or if the management makes it clear that it does not rely upon any domestic enquiry that may have been held by it, it is entitled to straightaway adduce evidence before the Tribunal justifying its action. The Tribunal is bound to consider that evidence so adduced before it, on merits, and give a decision thereon. in such a case, it is not necessary for the Tribunal to consider the validity of the domestic enquiry as the employer himself does not rely on it.

આમ, ઉપરોક્ત હકીકતોની સાથે હાલના કામનો પુરાવો વંચાણે લેતાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા પહેલાં કોઈ તપાસ કરેલ હોય કે આઈ.ડી.એક્ટની કલમ-૨૫ (એફ)ની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી આવા સંજોગોમાં આ કામે બીજા પક્ષકાર સને ૨૦૧૦, ૨૦૧૪ અને ૨૦૧૬માં ગેરવર્તણુંક, ગેરરિતી કરેલી હતી તેવા કારણથી પ્રથમ પક્ષકાર સંસ્થાને બીજા પક્ષકારને

કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ નોકરીમાંથી છુટા કરવાનો અધિકાર મળતો નથી. આમ, અગાઉ ગેરરિતી, ગેરવર્તણુંક કરેલ હતી જે બદલ બીજા પક્ષકારે રૂા. ૨૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી આપી કબુલાતનામુ આપેલ તેવો બચાવ ગ્રાહ્ય રાખી શકાય નહીં. આમ, પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને છુટા કરવાનું કૃત્ય કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું હોવાનું માની શકાય. અહીં બીજા પક્ષકારને છુટા કરતા અગાઉ ઔદ્યોગિક તકરાર અધિનિયમની જોગવાઈઓનું કોઈ પાલન થયું હોય તેવું જણાતું ન હોઈ મુદ્દા નં. ૧નો જવાબ તે રીતે 'હકારમાં' આપવામાં આવે છે.

(૧૩) હવે, બીજા પક્ષકારને શું દાદ મળવાપાત્ર છે તેની ચર્ચા કરવાની થાય છે. આ કામમાં બીજા પક્ષકારની આંક : ૨૭ની ઉલટ તપાસ જોતાં તેઓને છુટા કર્યા બાદ તેઓએ નોકરી મેળવવા અન્ય કોઈ જગ્યાએ કોઈ પ્રયત્ન કરેલ નથી તેવું જણાવે છે. તેઓને ખેતી પણ ન હોવાનું જણાવે છે પરંતુ તેઓ ભાગે ખેતી કરે છે અને મંડળીમાં દુધ ભરી તેમના ઘરનું ભરણપોષણ કરે છે. તેઓના ઘરનો ભરણપોષણનો ખર્ચ આશરે રૂા. ૧૦,૦૦૦/– જેટલો આવે છે તેવું જણાવે છે અને તેઓનું દુધ મંડળીમાં ભરતા હોવાનું પણ જણાવે છે. જે તમામ હકીકત ધ્યાને લેતાં બીજા પક્ષકારને છુટા કર્યા બાદ તેઓ બેકાર રહેલ હોઈ તેવું માની શકાય નહીં તે સંજોગોમાં હાલના કેસમાં બીજા પક્ષકાર પડેલા દિવસોના પગારની કોઈપણ રકમ મેળવવા હક્કદાર બનતા નથી પરંતુ તેઓ સળંગ નોકરી સાથે પુનઃસ્થાપિતની દાદ મેળવવા હક્કદાર બને છે જેથી મુદ્દા નં. ૨નો જવાબ તે રીતે અંશતઃહકારમાં આપવામાં આવે છે અને તે સંજોગોમાં મુદ્દા નં. ૩ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–: <u>હુકમ</u> :–

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.એ.) નં. ૮/૨૦૧૮ અંશતઃમંજુર કરવામાં આવે છે.

PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.

(૨) પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર સિવાય તેઓની મૂળ જગ્યાએ સળંગ નોકરી ગણી પુનઃસ્થાપિત કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રથમ પક્ષકાર સંસ્થાએ સદરહુ એવોર્ડનો અમલ તે પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં કરવાનો રહેશે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Date : 08/08/2026
Place : ANAND

Mr. MEHUL DEVDASBHAI PARMAR
GJ01036
PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT, ANAND.

K.K.PRANKADA : PA